ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/51807 /2025

તા.09/04/2025
03/05/2025

પ્રતિ,

1. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
2. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના અમલ બાબત.

સંદર્ભ: નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ, એ બ્લોક, ૧૦મો માળ, બહુમાળી ભવન, લાલદરવાજા અમદાવાદનો તા.૦૩-૦૪-૨૦૨૫નો પત્ર ક્રમાંકઃ નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૪-૨૫/૨૫૫૯-૬૨ મળ્યા તા.૦૯-૦૪-૨૦૨૫.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર તમામ સંસ્થાઓએ સમય મર્યાદામાં આનુષંગિક કાર્યવાહી કરવા વિનંતી.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ :- ઉપર મુજબ

<u>નકલ રવાના :</u>

1) નાયબ નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ની કચેરી,
અમદાવાદ એ બ્લોક, ૧૦ મો માળ,
બહુમાળી ભવન, લાલ દરવાજા અમદાવાદ.

**નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ**
**એ બ્લોક , ૧૦મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા**
**અમદાવાદ ફોન-.ફેકસ- (૦૭૯) ૨૫૫૦૧૧૨૩**
**Email : dbcwo-ahd@gujarat.gov.in**

નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૪-૨૫/ ૨૫૫૮ - ૬૨ તા. ૦૩/૦૪/૨૦૨૫

159260116832

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી
૧. ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા અમદાવાદ (ફક્ત અમદાવાદ)
૨. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા અમદાવાદ (ફક્ત અમદાવાદ)
૩. પ્રાઈવેટ/સેલ્ફ-ફાઈનાન્સ/ડીમ્ડ યુનિવર્સિટી, તમામ (જિ. અમદાવાદ)

વિષય: પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત
સંદર્ભ: માન. નિયામકશ્રી, અ.જા.ક., ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૪-૨૫/૮૧૪-૮૪૬

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના" અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નિયમોનુસાર શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે. આ યોજનાની ગાઈડલાઈન ભારત સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. (આ યોજનાની માર્ચ-૨૦૨૧ થી અમલીત એવી ગાઈડલાઈનની નકલ સામેલ છે.)

આ યોજનાની ગાઈડલઈનના પેરા: 4.1 (ii) માં જણાવવામાં આવેલ છે કે **"All Participating higher education institutions shall get NAAC/NBA accreditation before 2024, for continuation in the scheme from 2025-26 onwards"**

આમ ઉક્ત પેરા મુજબ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં સરળતા રહે તે માટે આપની યુનિવર્સિટી હસ્તકની તમામ સંસ્થાઓને સમય મર્યાદામાં **"NAAC/NBA accreditation"** મેળવી લેવાનું રહેશે. તથા તે બાબતની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમદાવાદ

નકલ સવિનય રવાના:
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
08 APR 2025
RECEIVED
SIGN.:

ફાઈલ ક્રમાંક: ૧૪૦૧૧ / ૦૪ / ૨૦૧૯ – SCD-V (ભાગ-૧)

ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)
(SCD-V)

શાસ્ત્રી ભવન, નવી દિલ્હી – ૧૧૦૦૦૧
૩૦મી માર્ચ ૨૦૨૧

પ્રતિ,

અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ
અધિક સચિવ / ઈનચાર્જ
સમાજ કલ્યાણ વિભાગ / એસ.સી. / ઓ.બી.સી. કલ્યાણ વિભાગ
તમામ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો (બિડેલ યાદી મુજબ)

વિષય: અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભારતમાં અભ્યાસ અર્થે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની સંશોધિત માર્ગદર્શિકા (૨૦૨૦-૨૦૨૧ થી ૨૦૨૫-૨૬)

શ્રીમાન,

મને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભારતમાં અભ્યાસ અર્થે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની સંશોધિત માર્ગદર્શિકા (૨૦૨૦-૨૦૨૧ થી ૨૦૨૫-૨૬) આ સાથે સામેલ રાખી મોકલી આપવા નિર્દેશિત કરવામાં આવે છે.

૨. માન. કેન્દ્રિય પ્રધાનશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાની મંજૂરી અન્વયે આ ઇસ્યુ કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ,
ગોવિંદ મિશ્રા દ્વારા ડિજિટલ હસ્તાક્ષરિત
(ગોવિંદ મિશ્રા)
ઉપસચિવ, ભારત સરકાર.

# માર્ગદર્શિકા

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને

## ભારતમાં અભ્યાસ માટે

## પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

(૨૦૨૦-૨૦૨૧ થી ૨૦૨૫-૨૬)

ભારત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(માર્ચ ૨૦૨૧)

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનેભારતમાં અભ્યાસ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના
## (પી.એમ.એસ.-એસ.સી.)

૧. હેતુ

૧.૧ આ યોજના હેતુ ઉચ્ચ શિક્ષણમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના પ્રવેશના એકંદરપ્રમાણમાં નોંધપાત્ર વધારો કરવા સાથે એ પૈકીના અત્યંત ગરીબ પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ પર સવિશેષ ભાર આપી નાણાકીય સહાય પ્રદાન કરીને તેમને પોસ્ટ-મેટ્રિક્યુલેશન અથવા સેકન્ડરી પછીના અભ્યાસના તબક્કે તેમનું શિક્ષણ પૂર્ણ કરવા તેમને સક્ષમ બનાવવાનો છે.

૨. કાર્ય-વિસ્તાર

૨.૧ આ શિષ્યવૃત્તિઓ ફક્ત ભારતમાં અભ્યાસ કરવા માટે જ ઉપલબ્ધ છે અને શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓની પસંદગી વિદ્યાર્થી મૂળત: જ્યાંના નિવાસી છે તે રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા કરવામાં આવે છે (એટલે કે રાજ્ય દ્વારા નક્કી કરવામાં આવેલ અધિવાસની શરતો અનુસાર વિદ્યાર્થી જે રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાયમી વસવાટ કરે છે કે નિવાસી છે).

૨.૨ જેઓ હાલમાં આ યોજનાના લાભાર્થી છે એવા તમામ વિદ્યાર્થીઓ ઉપરાંત નવો પ્રવેશ મેળવનારને પણ આ લાગું પડે છે.

૩ વ્યાખ્યાઓ

અ) *"ગ્રૂપ ૧ : ડીગ્રી અને અનુસ્તાનક કક્ષાના વ્યવસાયિક અભ્યાસક્રમો"*એટલે : (૧) મેડિસિન, ઇજનેરી, ટેકનોલોજી, પ્લાનીંગ, આર્કિટેક્ચર, ડિઝાઇન, ફેશન ટેકનોલોજી, એગ્રીકલ્ચર, વેટરનરી અને આનુષાંગિક વિજ્ઞાનો, મેનેજમેન્ટ, બિઝનેસ ફાઇનાન્સ / એડમિનિસ્ટ્રેશન, કમ્પ્યુટર સાયન્સ / એપ્લિકેશન, (૨) મેનેજમેન્ટ અને મેડિસિન્સની વિવિધ વિદ્યાશાખાના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો (૩) C.A./I.C.W.A./C.S./I.C.F.A. વગેરે (૪) ગ્રૂપ ૧, ગ્રૂપ ૨ અને ગ્રૂપ ૩ અભ્યાસક્રમોના એમ. ફિલ.,Ph.D. અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો (D.Lit., D.Sc. વગેરે) (૪) L.L.B, ઇન્ટિગ્રેટેડ L.L.B, L.L.M.

બ) *"ગ્રૂપ ૨ : ડીગ્રી, ડિપ્લોમા અને સર્ટિફિકેટ અપાવતા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમો"*એટલે : ફાર્મસી (બી.ફાર્મ), નર્સિંગ (બી. નર્સિંગ),BFS,રિહેબિલિટેશન, ડાયગ્નોસ્ટિક્સ વગેરે જેવી અન્ય પેરા-મેડિકલ વિદ્યાશાખા, માસ કમ્યુનિકેશન, હોટેલ મેનેજમેન્ટ અને કેટરીંગ, ટ્રાવેલ / ટુરિઝમ / હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ઇન્ટિરીયર ડેકોરેશન, ન્યુટ્રિશન અને ડાયટેટિક્સ, કોમર્શિયલ આર્ટ, ફાઇનાન્સિયલ સર્વિસીસ (દા.ત. બેન્કિંગ,વીમો, ટેક્સેસન ઇત્યાદિ) વગેરેમાં એમ. એડ / એમ. ફાર્મા, ડિપ્લોમા અને સર્ટિફિકેટ અપાવતા વ્યવસાયિક અભ્યાસક્રમો જેમાં પ્રવેશ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત સિનિયર સેકન્ડરી (૧૦+૨) છે અને વ્યવસાયલક્ષી પ્રવાહ,ITI અભ્યાસક્રમો અને પોલીટેકનિક જેમાં પ્રવેશ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ કે તેથી વધારે છે.

ક) *"ગ્રૂપ ૩ : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો"*એટલે : ગ્રૂપ ૧ અને ગ્રૂપ ૨ હેઠળ નહિ આવરી લેવાયેલ અભ્યાસક્રમો દા.ત. B.A / B.Sc. / B.Com વગેરે. M.A/ M. Sc./ M.Com વગેરે.

ડ) *"ગ્રૂપ ૪ : મેટ્રિક પછીના (ધોરણ ૧૦ પછીની કક્ષાના) બિન-સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો"* એટલે : જેમાં પ્રવેશ મેળવવાની લાયકાત હાઇસ્કૂલ (ધોરણ ૧૦) છે એવા પોસ્ટ મેટ્રિક્યુલેશન કક્ષાના તમામ બિન-સ્નાતક અભ્યાસક્રમો; દા.ત. સિનિયર સેકન્ડરી સર્ટિફિકેટ (ધોરણ ૧૦ અને ૧૨); સામાન્ય અને વ્યવસાયલક્ષી પ્રવાહ બંને,ITI અભ્યાસક્રમો, પોલીટેકનિક વગેરેમાં ૩ વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમો.

નોંધ: જુદા જુદા ગ્રૂપમાં અભ્યાસક્રમોની યાદી માત્ર સૂચક છે અને રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નિર્ધારિત કરવામાં આવેલ ધોરણો અનુસાર રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો અભ્યાસક્રમો ઉમેરી શકે છે.

ઈ) "*પરત નહિ કરવાપાત્ર ફરજિયાત ફી*" એટલે : પ્રવેશપત્ર / નોંધણી, ટ્યુશન, રમતગમત, યુનિયન, લાઈબ્રેરી, મેગેઝિન, તબીબી પરીક્ષણ માટે ચૂકવવાપાત્ર થતી ફી અને વિદ્યાર્થી દ્વારા શૈક્ષણિક સંસ્થાન / યુનિવર્સિટીને ચૂકવવાપાત્ર થતી એના જેવી બીજી અન્ય ફરજિયાત ફી, જો કે એમાં કોશન મની, સિક્યોરિટી ડિપોઝીટ વગેરે જેવી પરત કરવાપાત્ર થતી ડિપોઝીટની રકમનો સમાવેશ થતો નથી.

ફ) જે તે વર્ષ માટેની "*માગણી*" એ <u>કોઈ ચોક્કસ વર્ષ</u> માટે યોજના હેઠળ પાત્રતા અનુસાર શિષ્યવૃત્તિ મેળવવાની લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ છૂટી કરવા માટે કુલ નાણાકીય જરૂરિયાત સૂચવે છે.

ગ) "ફ્રીશીપ કાર્ડ" એટલે : રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા આપવામાં આવેલ કાર્ડ જે વિદ્યાર્થીને આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ માટે લાયક બનાવે છે, ટ્યુશન ફી, હોસ્ટેલ ફીની આગોતરી ચૂકવણી વિના શૈક્ષણિક સંસ્થાનમાં પ્રવેશ મેળવવા હક્કદાર બનાવે છે.

૪. શૈક્ષણિક સંસ્થાનોની પાત્રતા

૪.૧ આ યોજના હેઠળ ફક્ત એવા શૈક્ષણિક સંસ્થાનોને જ આવરી લેવામાં આવશે જે નિર્ધારિત શૈક્ષણિક ધોરણો જાળવી રાખે છે. આ યોજના હેઠળ પાત્ર થવા માટે શૈક્ષણિક સંસ્થાન / યુનિવર્સિટી / કોલેજોએ શીખવવામાં આવતા અભ્યાસક્રમો, સંસ્થાની શૈક્ષણિક કામગીરી, આધાર આધારિત હાજરી સિસ્ટમ વગેરેને લગતી નીચેની શરતોનું પાલન કરવું પણ આવશ્યક છે.

૧. ફક્ત 'AISHE કોડ' / 'UDISE' કોડ ધરાવતા શૈક્ષણિક સંસ્થાનો / યુનિવર્સિટીઓને જ શિષ્યવૃત્તિ યોજના હેઠળ પાત્ર ગણવામાં આવશે. સંસ્થાનના AISHE / UDISE કોડને આધારે સંસ્થાનોની તમામ વિગતો જેવી કે રજીસ્ટ્રેશન, એફિલિએશન અને એક્રેડિટેશન, શીખવવામાં આવતા અભ્યાસક્રમો અને દરેક અભ્યાસક્રમ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા વગેરે AISHE / UDISEસર્વરમાંથી શિષ્યવૃત્તિ પોર્ટલ પર એની મેળે જ આવી જશે.
૨. વર્ષ ૨૦૨૫-૨૬ થી આગળ યોજનામાં ચાલુ રહેવા ભાગ લઈ રહેલ તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોએ વર્ષ ૨૦૨૪ પહેલા NAAC/NBAએક્રેડિટેશન મેળવી લેવાનું રહેશે.
૩. શિષ્યવૃત્તિ લાભોને આધાર આધારિત હાજરીપત્રક સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે. તેથી કોલેજ/સંસ્થાનોએ દૈનિક ધોરણે આધાર આધારિત હાજરી સિસ્ટમ નિભાવવાની રહેશે અને હાજરીની વિગતો પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે.

૪. સંસ્થાનોએ તેમના અર્ધવાર્ષિક સ્વ-અન્વેષિત અહેવાલો નિર્ધારિત નમૂનાના પત્રકમાં રાજ્ય સરકારને સબમિટ કરવાના રહેશે આ પત્રક અલગથી ઈસ્યુ કરવામાં આવશે.

૫. સંસ્થાનોએ શિષ્યવૃત્તિ પોર્ટલ મારફતે રાજ્ય સરકાર / જિલ્લા સત્તાધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ફ્રીશીપ કાર્ડનું સન્માન કરવું જોઈએ અને કોલેજ/ટ્યુશન ફી અથવા હોસ્ટેલ ફીની આગોતરી ચૂકવણીનો આગ્રહ રાખ્યા વિના વિદ્યાર્થીને પ્રવેશ આપવો જોઈએ. રાજ્ય સરકાર દ્વારા આ યોજનાની જોગવાઈઓ અનુસાર શિષ્યવૃત્તિની રકમ છૂટી કર્યેથી વિદ્યાર્થી દ્વારા આની ચૂકવણી કરવામાં આવશે. આ બાબતે રાજ્ય સરકાર તેમના રાજ્યમાં આવેલ શૈક્ષણિક સંસ્થાનો સાથે સંકલન વ્યવસ્થા કરશે.

૪.૨ નીચેની ૯ શ્રેણીમાં આવતા અધિકૃત સંસ્થાનો / યુનિવર્સિટી / કોલેજમાં ચલાવવામાં આવતા માન્યતા પ્રાપ્ત તમામ પોસ્ટ-મેટ્રિક્યુલેશન અથવા સેકન્ડરી પછીના અભ્યાસક્રમો (ઈન્ટરમિડિએટ / સિનિયર સેકન્ડરી, ડિપ્લોમા, દીર્ઘ-કાલિન વ્યવસાયલક્ષી તાલીમ પ્રમાણપત્ર, સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમો વગેરે) ના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

૧. સંસદ દ્વારા રાષ્ટ્રિય દરજ્જો પ્રાપ્ત કરેલ સંસ્થાન;

૨. યુજીસી દ્વારામાન્યતા પ્રાપ્ત સેન્ટ્રલ યુનિવર્સિટી / રાજ્ય યુનિવર્સિટી / સ્વાયત્ત કોલેજ અને યુજીસી અધિનિયમની કલમ ૨(ફ) હેઠળ માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી / કોલેજ;

૩. ડીમ્ડ યુનિવર્સિટી;

૪. રાજ્ય / કેન્દ્ર દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ખાનગી યુનિવર્સિટી;

૫. કેન્દ્ર / રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી સાથે સંલગ્ન અને સર્વોચ્ચ અદાલતના આદેશથી સ્થાપિત ફી નિર્ધારણ કમિટી દ્વારા આવરી લેવાયેલ ખાનગી વ્યવસાયલક્ષી સંસ્થાનો;

૬. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માટે માન્યતા પ્રાપ્ત શાળા / કોલેજ;

૭. ડિપ્લોમાં એનાયત કરતા રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશની સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાન;

૮. નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેઈનિંગ (એન.સી.વી.ટી.) સાથે સંલગ્ન વ્યવસાયલક્ષી પ્રશિક્ષણ સંસ્થાન;

૯. NMC/AICTEવગેરે જેવી સંબંધિત સંસ્થાઓ દ્વારા માન્યતા પ્રાપ્ત / સંલગ્ન સંસ્થાન અથવા રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ / કેન્દ્ર દ્વારા વૈધાનિક રીતે સ્થાપિત સંસ્થાન;

એ શરતે કે સંબંધિત નિયમનકારી પ્રાધિકરણ દ્વારા ચોક્કસ અભ્યાસક્રમ માટે બેઠકો જે નિશ્ચિત સંખ્યા માટે માન્યતા આપવામાં આવેલ / મંજૂર કરવામાં આવેલ છે, એટલી સંખ્યા અને એ અભ્યાસક્રમો સુધી જ શિષ્યવૃત્તિ મર્યાદિત કરવામાં આવશે.

૫. વિદ્યાર્થીની પાત્રતાની શરતો

૫.૧ આ શિષ્યવૃત્તિ માત્ર ભારતના નાગરિક હોય તેને જ મળવાપાત્ર છે.

૫.૨ માત્ર એવા ઉમેદવારો જ પાત્ર ગણાશે જેઓ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ કે જેમાં રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા નક્કી કરવામાં આવ્યા મુજબ અરજદાર મૂળત: કાયમી વસવાટ કરે છે / નિવાસી છે તે સંદર્ભમાં નિર્દિષ્ટ કર્યા મુજબ અનુસૂચિત જાતિના છે અને જેમણે માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી અથવા ઉચ્ચતર શિક્ષણ બોર્ડની મેટ્રિક્યુલેશન અથવા હાયર સેકન્ડરી કે અન્ય કોઈ ઉચ્ચતર પરીક્ષા પાસ કરેલ છે.

૫.૩ શિષ્યવૃત્તિ એવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે જેમના માતાપિતા / વાલીની તમામ સ્ત્રોતોમાંથી મેળવેલ છેલ્લા નાણાકીય વર્ષ દરમિયાન વાર્ષિક આવક રૂ. ૨,૫૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા)થી વધારે નથી. આવકનું પ્રમાણપત્ર ફક્ત એક જ વાર એટલે કે એક કે તેથી વધુ વર્ષના અભ્યાસક્રમ માટે પ્રવેશ લેતી વખતે જ મેળવવું જરૂરી છે. આવકનું પ્રમાણપત્ર રાજ્ય સરકાર દ્વારા નક્કી કર્યા મુજબના સત્તાધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવશે.

૫.૪ જુદા જુદા વર્ગો માટે નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા માટેની ઉપલી વય મર્યાદા સંબંધિત શૈક્ષણિક સંસ્થા દ્વારા નક્કી કરવાની રહેશે.

૫.૫ એવા ઉમેદવારો પાત્ર ગણાશે નહિ જેઓ કોઈ એક ધોરણમાં શિક્ષણ પૂર્ણ કર્યા પછી કોઈ જુદો વિષય લઈને ફરી એ જ ધોરણમાં અભ્યાસ કરે છે દા.ત. વિજ્ઞાનમાં ઈન્ટરમિડિએટ પાસ કર્યા પછી આર્ટ્સમાં ઈન્ટરમિડિએટ કરે અથવા બી. કોમ કરી લીધા પછી બી.એ. કરે અથવા એક વિષયમાં એમ.એ. કર્યા પછી બીજા કોઈ વિષયમાં એમ.એ. કરતા હોય.

૫.૬ જે વિદ્યાર્થીઓ કોરસ્પોન્ડન્સ (પત્રાચાર દ્વારા) / ઓનલાઈન પાઠ્યક્રમ મારફતે અભ્યાસ કરી રહ્યા છે તેઓ પણ પાત્ર ગણાશે. અહીં કોરસ્પોન્ડન્સ શબ્દનો અર્થ ફક્ત કેન્દ્ર / રાજ્યની યુનિવર્સિટીઓમાં ચાલતા અભ્યાસક્રમો માટે ડિસ્ટન્ટ (ઘર બેઠા) અને સતત શિક્ષણ એમ કરવાનો રહેશે. પરત કરવાપાત્ર નથી એવી ફી જ માત્ર ચૂકવવામાં આવશે બીજા કોઈ શૈક્ષણિક ભથ્થા ચૂકવવામાં આવશે નહીં.

૫.૭ કોઈપણ માતાપિતા / વાલીનું દરેક બાળક આ યોજનાનો લાભ મેળવવા હક્કદાર રહેશે.

૫.૮ આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવનાર અન્ય કોઈ શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ મેળવવા હક્કદાર બનશે નહીં. જો બીજી કોઈ શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ એનાયત કરવામાં આવેલ હશે તો વિદ્યાર્થી આ બે પૈકી તેના/તેણીના માટે જે વધુ લાભકારી હોય એવી શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડનો વિકલ્પ પસંદ કરી શકશે અને તેના આ વિકલ્પની જાણ જે તે સંસ્થાના વડા મારફતે એનાયત કરનાર સત્તાધિકારીને કરવાની રહેશે. જો કે વિદ્યાર્થી આ યોજના હેઠળ ચૂકવવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ સિવાય પુસ્તકો, સાધનો વગેરે ખરીદવા અથવા રહેવા અને જમવાના અન્ય ખર્ચાઓને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર પાસેથી વિનામૂલ્યે લોજીંગ અથવા ગ્રાંટ અથવા હંગામી નાણાકીય મદદ સ્વીકારી શકે છે.

૫.૯ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણોનું પાલન કર્યા વિના મનસ્વી રીતે અને બિન-પારદર્શક પ્રવેશ પ્રક્રિયા મારફતે ભરવામાં આવેલ તમામ બેઠકો આ શિષ્યવૃત્તિ માટે પાત્ર નથી. કોઈપણ શૈક્ષણિક સંસ્થાન / યુનિવર્સિટીમાં મેનેજમેન્ટ ક્વોટા, સ્પોટ એડમિશન સીટ સામે માગણી કરવામાં આવેલ ફી ની રકમ ભરપાઈ કરવામાં આવશે નહીં. રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં બેઠકોના વર્ગીકરણમાં કોઈ વિવાદ થાય અથવા બેઠકોના વર્ગીકરણ અંગે કોઈ અસ્પષ્ટતાના સંજોગોમાં નીચેના ધારાધોરણો અનુસરવાના રહેશે:

૧. જો પ્રવેશ પ્રક્રિયામાં કોઈ મનસ્વીપણું / મુનસફી દાખવવામાં આવેલ નથી અને અભ્યાસક્રમ માટેની ફી સક્ષમ સત્તામંડળ દ્વારા રચિત ફી ફિક્સેશન કમિટી / ફી રેશનલાઈઝેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ છે તો આવી બેઠકોને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો તરીકે ગણવામાં આવશે નહીં. જો કે રાજ્ય સરકાર શિષ્યવૃત્તિની રકમ છૂટી કરતા પહેલા તેમને નીચેની શરતો પૂર્ણ કરવા કહી શકે છે:

(૧) એ કે શિષ્યવૃત્તિની માગણી કરનાર અરજદારને પારદર્શક પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવામાં આવેલ છે જેમાં જાહેરાત મારફતે અરજીઓ મંગાવવી, રેંક તૈયાર કરવી, મેરિટ યાદી પ્રમાણે ઉમેદવારોની પસંદગી, પસંદગી યાદી પ્રસિદ્ધ કરવી અને રાજ્ય સરકારને યોગ્ય જણાય તે મુજબના અન્ય ધોરણોનો સમાવેશ થાય છે;

(૨) એ કે અભ્યાસક્રમોની ફીસક્ષમ સત્તામંડળ દ્વારા રચિત ફી ફિક્સેશન કમિટી / ફી રેશનલાઈઝેશન કમિટી દ્વારાયોગ્ય રીતે મંજૂરી આપવામાં આવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ છે.

૫.૧૦ આધાર પેમેન્ટ બ્રિજ મારફતે ચૂકવણીને મદદરૂપ થવા વિદ્યાર્થીને આધાર સાથે લિંક થયેલ બેંક ખાતું રાખવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.

૬. રાજ્ય સરકારની ભૂમિકા

૬.૧ અનુસૂચિત જાતિના ઘણા વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ લાભ મેળવેલ છે અને સમાજમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે, આમ છતાં ઉચ્ચ શિક્ષણમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનું એકંદર પ્રવેશ પ્રમાણ (ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો – જી.ઈ.આર.) (૨૩.૦%) રાષ્ટ્રિય સરેરાશ (૨૭.૦%) કરતા ઘણું પાછળ છે. આગામી પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના જી.ઈ.આર. ૨૩.૦% ને રાષ્ટ્રિય સરેરાશ સુધી લઈ જવા સરકાર પ્રયત્નશીલ છે. એવી રીતે, આગામી પાંચ વર્ષમાં સિનિયર સેકન્ડરી શિક્ષણમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના હાલના પ્રમાણને રાષ્ટ્રિય સરેરાશ ૫૬% સુધી વધારવાનું છે. આમ કરવા માટે અમલીકરણ એજન્સીઓએ લક્ષ્યાંકો સિદ્ધ કરવા જરૂરી છે.

૬.૨ રૂપિયા ૨.૫૦ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા અનુસૂચિત જાતિના પરિવારોના તમામ વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ પાત્ર બનશે. જો કે સરકાર વિવિધ સ્ત્રોતોમાંથી સૌથી ગરીબ પરિવારોની ઓળખ કરવા વિશેષ પ્રયત્નો કરશે અને એક અભિયાન તરીકે આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની નોંધણી કરશે. વધુમાં, નિયમિત ધોરણે આ વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવામાં આવશે જેથી કરીને તેઓ તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે. આવા વિદ્યાર્થીઓમાં સમાવેશ થશે (૧) SECC-2011અનુસાર ત્રણ કે તેથી વધુ વંચિતો ધરાવતા અનુસૂચિત જાતિ પરિવારોના વિદ્યાર્થીઓ (૨) માતા અથવા પિતા બંનેમાંથી કોઈ એક અથવા બંને અભણ છે એવા અનુસૂચિત જાતિ પરિવારોના વિદ્યાર્થીઓ (૩) અનુસૂચિત જાતિ પરિવારોના એવા વિદ્યાર્થીઓ જેમણે ધોરણ ૧૦ની પરીક્ષા રાજ્ય સરકાર / નગરપાલિકા / સ્થાનિક સંસ્થાની શાળામાંથી પાસ કરી છે. આ બાબતે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો આવા વિદ્યાર્થીઓની ઓળખ કરવા અને તેમને આવરી લેવા વિશેષ અભિયાન શરૂ કરશે.

૬.૩ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો આવા વિદ્યાર્થીઓની ઓળખ કરવા તેમની સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ હોય એવી કાર્યપદ્ધતિ અપનાવી શકશે, દા.ત. અત્યંત ગરીબ પરિવારોના વિદ્યાર્થીઓની ઓળખ કરવા અનુસૂચિત જાતિની વધુ વસતી ધરાવતા જિલ્લા / તાલુકા / ગામને સૌ પ્રથમ લઈ શકાય અથવા શિક્ષણ વિભાગની સાથે સહયોગ કરીને અથવા શાળા છોડવાનો દર (ડ્રોપઆઉટ રેશિયો) સૂચવતી હોય એવી કેન્દ્ર / રાજ્યોની અન્ય યોજનાઓ અથવા અનુકૂળ જણાય એવા અન્ય સ્ત્રોતોમાંથી નીકળતી માહિતી પરથી ધોરણ ૧૦ કે ધોરણ ૧૨ ભણીને ઉઠી ગયેલ વિદ્યાર્થીઓની ઓળખ કરી શકાય. આવા વિદ્યાર્થીઓની ઓળખ કરવા અને શિષ્યવૃત્તિના લાભો મેળવવામાં તેમને માર્ગદર્શન આપવા દરેક રાજ્ય સરકાર દર વર્ષે માર્ચ / એપ્રિલમાં એક અભિયાન હાથ ધરશે. આવા વિદ્યાર્થીઓને તેમની કાબેલિયત અનુસાર અભ્યાસક્રમોની ઓળખ કરવા અંગે મદદ કરવામાં આવશે.

૬.૪ યોજનાનો વ્યાપ વધારવા તેમજ અનિષ્ટ તત્ત્વો દ્વારા તેનો કોઈ દુરુપયોગ થતો હોય તો એ શક્યત: ઓછો કરવા રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા ગ્રામ પંચાયતના નોટિસ બોર્ડ, શાળા સમિતિઓ, વાલી-શિક્ષક સાથેની મીટિંગમાં ચર્ચા કરીને તેમજ જાહેર જનતા જાગૃતિના અન્ય માધ્યમો મારફતે યોજના અંગે જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

૬.૫ નવી પ્રવેશ નોંધણી માટે તમામ હાયર સેકન્ડરી શાળાઓને પદ્ધતિસર આવરી લેવા માટે રાજ્યોએ ઝુંબેશ હાથ ધરીને વિદ્યાર્થીઓની ઓળખ કરવી અને જેમણે ધોરણ ૧૨ પાસ કરીને અભ્યાસ અધૂરો છોડી દીધો છે એવા વિદ્યાર્થીઓને ફરીથી ઉચ્ચ અભ્યાસમાં પાછા લાવવા પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

૬.૬ રોજગારી મેળવવાની વધુ સંભાવના છે એવા અભ્યાસક્રમોમાં શક્ય એટલી વધારે નવી પ્રવેશ નોંધણી કરવી આવશ્યક છે.આ હેતુ માટે વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા વધારી શકે એવા અભ્યાસક્રમોની ઓળખ કરવા રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ તેમજ રાજ્ય કૌશલ્ય મિશનના પરામર્શમાં રહીને રાજ્ય કવાયત કરી શકે છે.આ અભ્યાસક્રમોમાં જ નવી પ્રવેશ નોંધણી કરવામાં આવે એવી આગ્રહણીય સલાહ છે. આવા દીર્ઘકાલિન કૌશલ્ય અભ્યાસક્રમોનો સમયગાળો ઓછામાં ઓછો ૧ વર્ષનો હોવો જોઈએ અને યોજનાની માર્ગદર્શિકાના ફકરા ક્રમાંક ૪ અનુસાર સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા હોવા જોઈએ.

૬.૭ રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે લાભાર્થી પ્રવેશ વખતે જ શિષ્યવૃત્તિ માટે અરજી કરે. આ અંગે રાજ્ય સરકાર જે તે શૈક્ષણિક સંસ્થાનમાં સુવિધા કેન્દ્ર ખોલશે અથવા એક નોડલ અધિકારીની નિયુક્તિ કરશે જેથી કરીને રીન્યુઅલ અને નવા પ્રવેશ માટેવિદ્યાર્થીઓના ડેટાબેઝમાં એન્ટ્રી નિર્ધારિત સમયમર્યાદામાં થઈ શકે.

૬.૮ રાજ્ય સરકારો એક એવું શિષ્યવૃત્તિ પોર્ટલ કાર્યરત કરશે જે આ માર્ગદર્શિકાના ફકરા ૧૩ માં સૂચવ્યા મુજબના તમામ ફિચર્સ ધરાવતું હોય અને સેન્ટ્રલ પોર્ટલ સાથે રીયલ-ટાઇમના ધોરણે ડેટા શેર કરી શકતું હોય.

૬.૯ રાજ્ય / કેન્દ્ર સરકારપાસે ક્ષેત્રીય તપાસ, સામાજિક અન્વેષણ, ડેટા એનાલીટિક્સ વગેરેને સમાવતી એક સુદૃઢ અને સુચારું મોનીટરિંગ સિસ્ટમ રહેશે જેથી કરીને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સમયસર ચૂકવણીઓ કરી શકાય.

૬.૧૦ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ એ સુનિશ્ચિત કરશે કે તમામ અભ્યાસક્રમો માટે ફી રિઅલાઇઝેશન / ફિક્સેશન કમિટી રચવામાં આવે.

૭. શિષ્યવૃત્તિના ઘટકો

૭.૧ અભ્યાસના સમગ્ર સમયગાળા માટે શિષ્યવૃત્તિમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે:-

૧. રાજ્ય સરકારની ફી રિઅલાઇઝેશન / ફિક્સેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવ્યા મુજબ ટ્યુશન ફી સહિત પરત કરવાપાત્ર ન હોય એવી ફરજિયાત ફી

૨. શૈક્ષણિક ભથ્થું

| અભ્યાસક્રમની શ્રેણી | વાર્ષિક (રકમ રૂ.માં) | |
|---|---|---|
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી | હોસ્ટેલમાં નહિ રહેતા વિદ્યાર્થી |
| ગ્રૂપ ૧ : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વ્યવસાયિક અભ્યાસક્રમો | ૧૩૫૦૦ | ૭૦૦૦ |
| ગ્રૂપ ૨ : ડીગ્રી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અપાવતા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમો | ૯૫૦૦ | ૬૫૦૦ |
| ગ્રૂપ ૩ : ગ્રૂપ ૧ અને ૨ માં આવરી નહિ લેવાયેલ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો | ૬૦૦૦ | ૩૦૦૦ |
| ગ્રૂપ ૪ : મેટ્રિક (ધોરણ ૧૦ પછીની કક્ષાના) પછીના બિન-સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો | ૪૦૦૦ | ૨૫૦૦ |

નોંધ ૧. દિવ્યાંગ વિદ્યાર્થીઓને દસ ટકા વધારાનું ભથ્થું આપવામાં આવશે

નોંધ ૨. શૈક્ષણિક ભથ્થાના હેતુ માટે C.A. /I.C.W.A. /C.S. /I.C.F.A.કરતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં નહિ રહેતા વિદ્યાર્થી તરીકે ગણવામાં આવશે.કોરસ્પોન્ડન્સ (પત્રાચાર દ્વારા) / ઓનલાઇન પાઠ્યક્રમ મારફતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ભથ્થા માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

નોંધ ૩. ઉપર મુજબનું શૈક્ષણિક ભથ્થું વર્ષ ૨૦૨૧-૨૨ થી લાગું પડશે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે અગાઉની માર્ગદર્શિકા હેઠળ સંબંધિત ભથ્થા લાગું પડશે.

૭.૩ આ શૈક્ષણિક ભથ્થું ઔદ્યોગિક કામદારો માટેના કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ નંબર સાથે લિંક કરવામાં આવશે. વાર્ષિક ઈજાફો દર વર્ષના એપ્રિલ માસથી અમલી બને એ રીતે લાગું પડશે અને તે પાછલા વર્ષના જાન્યુઆરી - ડિસેમ્બરના સમયગાળા માટેના ઈન્ડેક્સ પર આધારિત રહેશે. પ્રથમ સુધારો એપ્રિલ ૨૦૨૨ થી અમલી બને એ રીતે લાગું પડશે અને વિભાગ આ અંગે વાર્ષિક ધોરણે અલગથી આદેશો બહાર પાડશે.

૭.૪ રાજ્ય સરકાર જો એમ કરવાનું નક્કી કરે તો તેના પોતાના સંસાધનોમાંથી રકમ શૈક્ષણિક ભથ્થામાં ઉમેરશે.

૮. ફ્રીશીપ કાર્ડ અને ઈસ્યુ કરવા માટેની પ્રક્રિયા

૮.૧યોજનાની માર્ગદર્શિકા મુજબ પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ ટ્યુશન ફી અને હોસ્ટેલ ફીની આગોતરી ચૂકવણી કર્યા વિના શૈક્ષણિક સંસ્થાનમાં પ્રવેશ મેળવી શકશે. આની સહાયતા કરવા માટે નીચે વર્ણવેલ પ્રક્રિયા અનુસાર પાત્રતા ધરાવતા

વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા એક ફ્રીશીપ કાર્ડ આપવામાં આવશે. આ ફ્રીશીપ કાર્ડ વિદ્યાર્થીઓને ફીની આગોતરી ચૂકવણી વિના એ શરતે શૈક્ષણિક સંસ્થાનમાં અભ્યાસ કરવા માટે પાત્ર બનાવશે કે જ્યારે વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિની રકમ જમા કરાવવામાં આવશે ત્યારે વિદ્યાર્થી પાસેથી ફીની રકમ એકત્રિત કરવા જે તે શૈક્ષણિક સંસ્થાનને જાણ કરવામાં આવશે.

૮.૨ ફ્રીશીપ કાર્ડ મેળવવા માટે વિદ્યાર્થીએ પોતાના આધાર કાર્ડ નંબર, જેમાં તે / તેણી પ્રવેશ મેળવવા માગે છે એ અભ્યાસક્રમનું નામ (દા.ત. MBBS,B.Sc.,ધોરણ ૧૧ વગેરે) અને શિષ્યવૃત્તિની રકમ તેના / તેણીના ખાતામાં જમા થયાના ૭ કાર્ય દિવસની અંદર શૈક્ષણિક સંસ્થાની ફીની રકમ ચૂકવી દેશે એવી બાંહેધરી સાથે પ્રવેશની અપેક્ષિત તારીખથી પર્યાપ્ત સમય પહેલા સંબંધિત શિષ્યવૃત્તિ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. ફ્રીશીપ કાર્ડની નોંધણીના હેતુ માટે આ પોર્ટલ સમગ્ર વર્ષ દરમિયાન ખુલ્લું રહેશે.

૮.૩ આવક, જાતિ અને મેરિટ વગેરે વિગતોની ખરાઈ તત્કાલ ખરાઈ કરવા માટે લિંક કરવામાં આવેલ ડેટાબેઝમાંથી એની મેળે જ થઈ જશે. આ સમગ્ર પ્રક્રિયા પેપરલેસ છે એટલે કે આખી પ્રક્રિયામાં ક્યાંય કાગજી કાર્ય કરવાનું નથી. ઉપરની સિસ્ટમ કાર્યરત કરવામાં ન આવે ત્યાં સુધીમાં દસ્તાવેજો સ્કેન અને અપલોડ કરી શકાશે જેમાં સમાવેશ થાય છે: પાસપોર્ટ સાઇઝનો ફોટો, પાસ કરેલ તમામ પરીક્ષાના સંદર્ભમાં દરેક ડિપ્લોમા, ડીગ્રી વગેરેના પ્રમાણપત્રની એક-એક નકલ, અધિકૃત અધિકારી દ્વારા યથોચિત સહી કરેલ જાતિનું પ્રમાણપત્ર, રાજ્ય સરકાર દ્વારા વગેરે દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ માન્ય આવકનું પ્રમાણપત્ર.

૮.૪ પોર્ટલમાં નોંધણી કરાવ્યા પછી જો વિદ્યાર્થી પાત્ર જણાય તો તમામ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોએ ફ્રીશીપ કાર્ડ મેળવવાની વિનંતી વિદ્યાર્થી પાસેથી મળ્યેથી ૩૦ દિવસની અંદર ખરાઈની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને જેમાં પ્રવેશ આપેલ છે એ અભ્યાસક્રમનું નામ દર્શાવતું ફ્રીશીપ કાર્ડ આઇટી પોર્ટલ પર ઇસ્યુ કરવાનું રહેશે જેથી કરીને ટ્યુશન ફીભરવામાં વિલંબને કારણે વિદ્યાર્થીને પ્રવેશ આપવા ઇનકાર કરવામાં ન આવે.વિદ્યાર્થી પોર્ટલ પરથી પોતાની જાતે જ ફ્રીશીપ ડાઉનલોડ કરી શકશે. એક વાર તમામ જરૂરી પ્રમાણપત્રોનું ડિજિટાઇઝેશન થઈ જાય પછી જો વિદ્યાથી પાત્ર જણાય છે તો નોંધણી કરતાની સાથે ફ્રીશીપ કાર્ડ એની મેળે જ જનરેટ થશે.

૮.૫ પરિશિષ્ટ – ૧ માં દર્શાવ્યા મુજબની વિગતોફ્રીશીપ કાર્ડમાં સામેલ રહેશે અને તે ડિજિટલ રીતે સહી કરેલ હશે. પ્રવેશના હેતુ માટે, ફ્રીશીપ કાર્ડ ઇસ્યુ કર્યાની તારીખથી એક વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે.

૮.૬ શૈક્ષણિક સંસ્થાનમાં પ્રવેશ મેળવતા પહેલા જો વિદ્યાર્થી તેનો / તેણીનો અભ્યાસક્રમ બદલવા માગે છે તો તે / તેણી આઇટી પોર્ટલ પર લોગ-ઇન કરીને આમ કરી શકશે અને આ રીતે પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ માટે એની મેળે જ ફ્રીશીપ કાર્ડ ઇસ્યુ થશે.

૮.૭ રીન્યુઅલ વિદ્યાર્થીઓ માટે,ફ્રીશીપ કાર્ડ માટે નવેસરથી નોંધણી કરાવવાની જરૂર રહેશે નહિ અને તેને / તેણીને એક વાર ઇસ્યુ કરવામાં આવેલ કાર્ડ અભ્યાસક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન માન્ય ગણાશે.

૯. શિષ્યવૃત્તિ માટેની અરજી અને ખરાઇ

૯.૧ પ્રવેશના દિવસે જ અરજી: શૈક્ષણિક સંસ્થાએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તેમની સંસ્થામાં પ્રવેશ આપવામાં આવેલ અને આ માર્ગદર્શિકાના ફકરા નં. ૮ માં દર્શાવ્યા મુજબ ફ્રીશીપ કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ તમામ વિદ્યાર્થીઓ સંસ્થામાં પ્રવેશ મેળવ્યાની તારીખે જ આઇટી પોર્ટલ પર અરજી કરે છે.

૯.૨ પ્રવેશના દિવસે જ શૈક્ષણિક સંસ્થા શિષ્યવૃત્તિ પોર્ટલ પર એ ખરાઈ કરશે કે વિદ્યાર્થીએ ફ્રીશીપ કાર્ડમાં દર્શાવેલ અભ્યાસક્રમમાં જ પ્રવેશ મેળવેલ છે અને હવે તે સંસ્થાનો બોનાફાઇડ વિદ્યાર્થી છે.

૯.૩ રીન્યુઅલ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીની હાજરી અને વિદ્યાર્થીને આગળના વર્ગમાં બઢતી આપેલ છે અને વિદ્યાર્થીછાત્રવાસી / બિન-છાત્રવાસી, લાગું પડતું હોય એ તરીકે એ અભ્યાસક્રમમાંજોડાયેલ છે એવી શૈક્ષણિક સંસ્થાની પુષ્ટિને આધારે એની મેળે જ વિદ્યાર્થીનું રિન્યુઅલ થઈ જશે.

૧૦. યોજના માટે નાણાની ફાળવણી

૧૦.૧ વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ના ત્રણ વર્ષના સમયગાળા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાની ફાળવણીનું પ્રમાણ આધાર વર્ષના સંબંધમાં બધા રાજ્યોમાટેની કેન્દ્રિય સહાયની કુલ રકમમાં બિનપક્ષપાતી ધોરણેપ્રતિવર્ષ ૫% ના વધારા સાથે યોજનાની સરેરાશ માગણીના ૬૦:૪૦ (ઉત્તર પૂર્વીય રાજ્યોના કિસ્સામાં ૯૦:૧૦) નું રહેશે.ઉપરની ફાળવણી વર્ષ ૨૦૨૦-૨૧ થી લાગું પડશે અને આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી ચાલું રહેશે.

૧૦.૨ આમ, વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે માગણીની રકમ નક્કી કરવાના હેતુસર,દરેક રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ માટે ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ની સરેરાશ માગણી અથવા ૨૦૨૦-૨૧ માટેની વાસ્તવિક માગણી બે પૈકી જે ઓછું હશે એને ગણતરીમાં લેવામાં આવશે. ત્યારપછીના વર્ષો એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ અને તેથી આગળના વર્ષો માટે,આધાર વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ના સમયગાળા માટે યોજનાની સરેરાશ માગણીમાટેનીકેન્દ્રિય સહાયની કુલ રકમ ૫% વાર્ષિક વધારા સુધી મર્યાદિત રહેશે, જે પ્રોજેક્ટ અપ્રેઈઝલ કમિટી (પી.એ.સી.) દ્વારા રાજ્યોની વાર્ષિક યોજનાના મૂલ્યાંકન વખતે સુનિશ્ચિત કરવામાં આવશે. મંજૂર કરવામાં આવેલ કુલ ફાળવણીને આધિન મંત્રાલય દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ૬૦:૪૦ ના ફાળવણી પ્રમાણમાં કોઈ ફેરફાર કર્યા વિના રાજ્યો વચ્ચેની નાણાકીય ફાળવણી ફેરફાર કરી શકાય એવી રાખવામાં આવશે.

૧૦.૩ આ યોજનાનો અમલ કરી રહેલ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ તમામ લાભાર્થીઓનો ડેટા ઓનલાઈન પોર્ટલ પર નિભાવવાનો રહેશે અને યોજનામાં જણાવ્યા મુજબ શિષ્યવૃત્તિના વિવિધ ઘટકોની રકમ જુદી જુદી દર્શાવવાની રહેશે.

૧૧. ચૂકવણીની વ્યવસ્થા

૧૧.૧ વર્ષ ૨૦૨૧-૨૨ થી ટ્યુશન ફી, શૈક્ષણિક ભથ્થું, અને લાગું પડતા અન્ય ભથ્થા સહિત શિષ્યવૃત્તિની સમસ્ત રકમ – રાજ્ય અને કેન્દ્ર સરકાર બંને પાસેથી –મોટાભાગે આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ (આધાર પેમેન્ટ બ્રિજ)મારફતે ફક્ત**DBT**(ડીબીટી) દ્વારા જ સીધા વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. રાજ્યો મોટાભાગે PFMSસિસ્ટમ મારફતે નાણાની ચૂકવણી કરશે જેથી વિદ્યાર્થીઓના ખાતાને ફરીવાર પ્રમાણિત કરવાની આવશ્યકતા ન રહે.

૧૧.૨ વર્ષ ૨૦૨૧-૨૨ થી આ યોજનામાં કેન્દ્રનો હિસ્સો પણ સંબંધિત રાજ્યોએ તેમના હિસ્સાની ચૂકવણી કરી દીધી છે એ સુનિશ્ચિત કર્યા પછી DBT પદ્ધતિથી સીધો વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

૧૧.૩ બધા રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો / કેન્દ્ર અરજીઓ પર કાર્યવાહી કરવા અને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવા માટે નીચેની સમયમર્યાદાને વળગી રહેશે.

- શિષ્યવૃત્તિ પોર્ટલ સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહેશે જેથી પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ ફ્રીશીપ કાર્ડ માટે નોંધણી કરાવી શકે અને શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે.
- તમામ અરજદારોને શિષ્યવૃત્તિની ચૂકવણી નીચે દર્શાવેલ સમયપત્રક અનુસાર એક હપ્તામાં કરવામાં આવશે:

| અરજી મેળવવાની તારીખ | રાજ્યનો હિસ્સો (૪૦%, ઉત્તર-પૂર્વીય રાજ્યોના કિસ્સામાં ૧૦%) છૂટો કરવાની તારીખ | કેન્દ્રનો હિસ્સો (૬૦%, ઉત્તર-પૂર્વીય રાજ્યોના કિસ્સામાં ૯૦%) છૂટો કરવાની તારીખ |
|---|---|---|
| ૧લી એપ્રિલથી ૩૧મી જુલાઈ | ૧૫મી ઓગષ્ટ | ૩૦મી ઓગષ્ટ |
| ૧લી ઓગષ્ટથી ૩૦મી નવેમ્બર | ૩૦મી ડિસેમ્બર | ૨૬મી જાન્યુઆરી |
| ૧લી ડિસેમ્બરથી ૩૧મી જાન્યુઆરી* | ૨૮મી ફેબ્રુઆરી | ૧૫મી માર્ચ |
| ૧લી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ* | અરજીની તારીખથી ૭૫ દિવસ | અરજીની તારીખથી ૯૦ દિવસ |

* પોર્ટલ માત્ર એવા અભ્યાસક્રમોની શિષ્યવૃત્તિના અરજદારો માટે ખુલ્લુ રહેશે જેમાં નવેમ્બર પછીના પ્રવેશ છે.

૧૧. ૪ શિષ્યવૃત્તિની ચૂકવણીમાં કોઈ વિલંબ કરવાનો રહેશે નહીં. આ હેતુ માટે રાજ્ય એ સુનિશ્ચિત કરશે કે આગળના ફકરામાં નિર્ધારિત કરવામાં આવેલ સમયમર્યાદા સુધીમાં વિદ્યાર્થીઓને હપ્તાની ચૂકવણી કરી દેવામાં આવે જેથી કેન્દ્રનો હિસ્સો સમયસર છૂટો કરી શકાય.

૧૧.૫ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે તારીખ ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક ૪૨૮ થી આધાર અધિનિયમ ૨૦૧૬ની કલમ ૭ હેઠળ આધારને તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૭ થી અમલી બને એ રીતે શિષ્યવૃત્તિની તમામ યોજનાઓ માટે ઓળખ દસ્તાવેજ તરીકે અધિસૂચિત કરેલ છે.

૧૧.૬ જો પ્રવેશ વખતે કોઈ ઓળખ દસ્તાવેજ પૂરા પાડવામાં આવેલ ન હોય તોરીન્યુઅલ વખતે આધાર દ્વારા ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત બનશે.

૧૨. શિષ્યવૃત્તિની રકમનો સમયગાળો અને રીન્યુઅલ

૧૨.૧ એક વાર શિષ્યવૃત્તિની રકમ નક્કી થઈ જાય પછી તે પ્રત્યેક શૈક્ષણિક વર્ષમાં સંતોષકારક શૈક્ષણિક સિદ્ધિ અને ૭૫% હાજરીની શરતોને આધિન રહી અભ્યાસક્રમ પૂર્ણ થયે ચૂકવવાપાત્ર બનશે. આધાર આધારિત હાજરી સિસ્ટમ મારફતે હાજરીની ખરાઈ કરવામાં આવશે.

૧૨.૨ જો બિમારીને કારણે વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષામાં બેસી શકે એમ ન હોય તો સૂચવેલ તબીબી અધિકારી પાસેથી મેળવેલ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવા અને જે તે શૈક્ષણિક સંસ્થાન / કોલેજ દ્વારા તેનો સ્વીકાર કરવાને આધિન શિષ્યવૃત્તિની રકમરિન્યુ કરી શકાશે.

૧૨.૩ યુનિવર્સિટી / શૈક્ષણિક સંસ્થાના નિયમો અનુસાર જો વિદ્યાર્થી વાસ્તવમાં નીચલા ધોરણની પરીક્ષા પાસ કરેલ ન હોવા છતાં તેને આગળના ધોરણમાં લઈ જવામાં આવેલ હોય અને અમુક સમય પછી ફરીથી નીચલા ધોરણની પરીક્ષા આપવી જરૂરી હોય તો પણ તે / તેણી તેને / તેણીને જે ધોરણમાં આગળ લઈ જવામાં આવેલ છે તે ધોરણની શિષ્યવૃત્તિ માટે હક્કદાર રહેશે, જો વિદ્યાર્થી અન્યથા શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્રતા ધરાવે છે. ઉપરાંત, જો વિદ્યાર્થી નાપાસ થાય છે અને ફરીથી નિયમિત વિદ્યાર્થી તરીકે એ જ ધોરણમાં અભ્યાસ શરૂ કરે છે તો તે / તેણી વધારાના એક વર્ષ અથવા વાસ્તવમાં જેટલો સમયગાળો હોય એ બેમાંથી જે ઓછું હશે એ શિષ્યવૃત્તિ માટે પાત્ર બનશે.

૧૩. આઇટી ફ્રેમવર્ક

૧૩.૧ આ યોજના પારદર્શકતા, જવાબદેહિતા, અસરકારકતા અને કોઇ વિલંબ વિના સમયસર સહાય પ્રદાન કરવાની ખાતરી આપતા સુદૃઢ સાયબર સિક્યોરિટી માટે આવશ્યક ઉપાયો સાથે એક ઓનલાઇન પ્લેટફોર્મ પર ચલાવવામાં આવશે. આ હેતુ માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (એન.એસ.પી.)માં જરૂરી સુધારા-વધારા કરવામાં આવશે.

૧૩.૨ જો કોઈ રાજ્ય પહેલાથી કોઇ ઓનલાઇન પોર્ટલ ચલાવે છે જે નિર્ધારિત માપદંડોને સંતોષે છે તો તેઓ એ ચાલું રાખી શકશે, પણ તેનું સતત મોનીટરીંગ કરી શકાય એ માટે તેઓએ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ સાથે અથવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સૂચવ્યા મુજબના કોઈ અન્ય પોર્ટલ સાથે તેમના રીયલ-ટાઇમ ડેટા નિશ્ચિત સમયમાં શેર કરવાના રહેશે. આમ, આ યોજનાનો અમલ કરી રહેલ એવા તમામ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો કે જ્યાં એ પહેલાથી કરવામાં આવેલ નથી, તેમણે શિષ્યવૃત્તિ ચૂકવણી અંગેનો ડેટા ઓનલાઇન પ્રોસેસ કરવામાટે માઇગ્રેટ કરવાનો રહેશે. આ શિષ્યવૃત્તિ પોર્ટલ નીચે મુજબના કેટલાક આવશ્યક ફિચર્સ ધરાવતું હોવું જોઈએ:

a) આ આઇટી પોર્ટલજે શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો છે તે સંસ્થા વિશેની માહિતી લેવા માટે AISHE/UDISEસાથે સંકલિત કરવાનું રહેશે

b) ફ્રીશીપ કાર્ડમાટેની નોંધણી વખતે દરેક વિદ્યાર્થીએ આ મંત્રાલયની તારીખ ૧૬.૦૨.૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક ૪૨૮ અનુસાર આધાર આઇડી / આધાર ઇઆઇડી અથવા બેવડાપણું અને ખોટા દાવાઓને નિવારી શકાય એવા અન્ય કોઈ વૈકલ્પિક સ્વરૂપે આઇડી પુરાવો આપવાનો રહેશે. પ્રવેશ વખતે જો પ્રદાન કરેલ નથી તો રિન્યુઅલ વખતે આધાર ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત છે. રજીસ્ટ્રેશન પોર્ટલમાં પ્રવેશતા પહેલા વિદ્યાર્થી દ્વારા દાખલ કરવામાં આધાર નંબર રીયલ-ટાઇમના આધારે સફળતાપૂર્વક ડેમો-ઓથેન્ટિકેશનમાંથી પસાર કરવાનો રહેશે.

c) રાજ્યોએ કોઈપણ જાતની ચૂક ન રહી જાય એ રીતે લાયકાત, જ્ઞાતિ, આધાર પ્રમાણીકરણ અને બેંક ખાતાની વિગતોની ખરાઈ કરવાની પ્રક્રિયાહાથ ધરવાની રહેશે.

d) કોઈ દસ્તાવેજો કે પ્રમાણપત્રો આ સિસ્ટમમાં અપલોડ કરવાના રહેતા નથી. તમામ ડેટાની ખરાઈ ડેટાબેઝ લિંક કરીને ડિજિલોકર કે એવા બીજા કોઈ મિકેનિઝમ,જેમ કે (૧) શાળાના બોર્ડના પરિણામો જેમાં CBSE/ICSEવગેરે તેમના દ્વારા નિભાવવામાં આવતા પ્રમાણપત્રો; (૨) રાજ્ય / જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતા આવકના પ્રમાણપત્રો, અધિવાસ અને જ્ઞાતિના પ્રમાણપત્રો નો ડેટાબેઝ અને (૩) યુનિવર્સિટી / કોલેજ દ્વારા આધાર નંબરનો લિંક તરીકે ઉપયોગ કરીને નિભાવવામાં આવતા ડેટાબેઝ વગેરે સાથે મેળે જ થઈ જશે.

e) વિદ્યાર્થીની તમામ ખરાઈ પ્રક્રિયા ઓટોમેટિક રીતે ડિજિટલ પ્રક્રિયાનો ઉપયોગ કરતા ઉપરના પ્રમાણીકૃત ડેટાબેઝનો ઉપયોગ કરીને કરવી જોઈએ જેમાં મેન્યુઅલ દરમિયાન બહુ ઓછી રહેશે અથવા તો સહેજ પણ નહી રહે. શૈક્ષણિક સંસ્થા કે જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા પણ કોઈપણ પ્રકારની ખરાઈ કરવાની રહેતી નથી. આવી સિસ્ટમ કાર્યરત થાય ત્યાં સુધીમાં મેન્યુઅલ ખરાઈ અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર કરવાની રહેશે, અને જો ૩૦ દિવસની અંદર આ કામ પૂર્ણ થઈ શકતું નથી તો 'મંજૂરીની અપેક્ષા'ની જોગવાઈ સાથે એ પૂર્ણ કરવાનું રહેશે.

f) આધાર આધારિત હાજરી પૂરવાની વ્યવસ્થા ગોઠવવા માટે અનુકૂળ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે જે ઓટોમેટિક અને એકબીજાની હાજરી ન પૂરી શકાય એવી રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા આવી કોઈ સિસ્ટમના આખરી સ્વરૂપને માન્યતા આપવામાં ન આવે ત્યાં સુધી શૈક્ષણિક સંસ્થા શિષ્યવૃત્તિ ધારકની દર માસની હાજરી એટેન્ડન્સ મોડ્યુલમાં અપલોડ કરવામાં આવશે, જે આઇટી સિસ્ટમમાં ડેવલપ કરવામાં આવશે.

g) વિદ્યાર્થીઓ પાસેથી બેંક ખાતાની વિગતો મંગાવવાની અને એને પ્રમાણીકરણ કરવાની કોઈ સિસ્ટમ રહેશે નહી. તમામ ચૂકવણીઓ મોટાભાગેNPCIમેપર સાથે ચકાસણી કર્યા પછી આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ (એ.પી.બી. –આધાર પેમેન્ટ બ્રિજ) મારફતે જ કરવાની રહેશે.

h) આગળના વર્ગમાં બઢતી આપવાથી અને જરૂરી હાજરીને આધારે વિદ્યાર્થી છાત્રવાસી / બિન-છાત્રવાસી, લાગું પડતું હોય એ તરીકે એ અભ્યાસક્રમમાં જોડાયેલ છે એવી પુષ્ટિને આધિન રિન્યુઅલ એની મેળે જ થઈ જશે. રિન્યુઅલ માટે વિદ્યાર્થીએ અરજી કરવાની કોઈ જરૂરિયાત રહેશે નહીં.

i) વિદ્યાર્થીની પ્રગતિ તેમજ સંસ્થાની શૈક્ષણિક સિદ્ધિઓને મોનીટર કરવા માટે ઉચિત રીતે ડિઝાઈન અને સંકલિત કરેલ એક પર્ફોર્મન્સ મોડ્યુલ વિકસાવવાનું રહેશે.

j) આ સિવાય, લાભાર્થીઓને એકથી વધુ વાર લાભો ન મળે એ સુનિશ્ચિત કરવા તમામ રાજ્યોએ શિષ્યવૃત્તિની વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓનો એક સંપૂર્ણ ડેટાબેઝ નિભાવવાનો રહેશે.

k) અમલીકરણ માટે જવાબદાર તમામ સત્તાધિકારીઓને આ શિષ્યવૃત્તિ પોર્ટલ સાથે લિંક કરતી એક ઓનલાઈન ફરિયાદ નિવારણ વ્યવસ્થાને આ પોર્ટલ સાથે જોડી દેવામાં આવશે.

l) યોજના હેઠળ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો અનુસાર શિષ્યવૃત્તિ માટે પસંદ થયેલ પૈકી સૌથી ગરીબ પરિવારોના વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવે એવી જોગવાઈ કરવાની રહેશે.

m) આ પોર્ટલમાં એવી ગોઠવણ કરવામાં આવશે જેથી એક વાર વિદ્યાર્થી બ્લેકલિસ્ટ થઈ જાય પછી ફરીવાર શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે નહીં.

૧૪. વાર્ષિક કાર્ય યોજના

૧૪.૧ આ યોજનાના સહભાગી તમામ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો પાછલા વર્ષની ૨૮મી ફેબ્રુઆરી પહેલા પી.એમ.એસ. – એસ.સી. યોજના માટે રાજ્યકક્ષાની વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરશે. રાજ્યો પાસે પી.એમ.એસ. – એસ.સી. યોજનાને અનુરૂપ જો કોઈ અન્ય પહેલ હોય તો એને વાર્ષિક કાર્ય યોજનામાં અલગથી દર્શાવી શકાશે. આ વાર્ષિક યોજનામાં લક્ષ્યાંકો, લાભ માટેની પાત્રતા, અતિ ગરીબ પરિવારો માટે અલગથી સૂચિત કવરેજ, ઓળખ કરવાની પ્રક્રિયા, રોજગારીની તકોની શક્યતાવાળા અભ્યાસક્રમોની ઓળખ, મોનીટરિંગ માટેની વ્યવસ્થા વગેરે સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે.

૧૪.૨ વાર્ષિક કાર્ય યોજનાના મૂલ્યાંકન અને મંજૂરી માટે વિભાગ એક પ્રોજેક્ટ અપ્રેઇઝલ કમિટીની રચના કરશે. આ યોજનાનું મૂલ્યાંકન કેન્દ્ર ખાતે કરવામાં આવશે અને નાણાકીય ફાળવણીની પેટર્ન હેઠળ દર્શાવેલ વાર્ષિક વધારા અનુસાર દરેક રાજ્ય માટેનો કુલ ખર્ચ દર વર્ષની ૧૫મી એપ્રિલ પહેલા આખરી કરવામાં આવશે. સમિતિની રચના અંગેની જાણ અલગથી સૂચના આપીને કરવામાં આવશે.

૧૫. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની કાર્યસિદ્ધિ

૧૫.૧ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની કાર્યસિદ્ધિનું મૂલ્યાંકન કેટલાક ચોક્કસ માપદંડો જેમ કે (૧) આપેલ સમયપત્રક અનુસાર ચૂકવણા (૨) અતિ ગરીબ પરિબારોનું કવરેજ (૩) શિષ્યવૃત્તિ ધારકના શૈક્ષણિક પરિણામો (૪) આધાર આધારિત હાજરીનું અમલીકરણ (૫) યોગ્યતા નક્કી કરવા માટે જરૂરી પ્રમાણપત્રોનું ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતર વગેરેને આધારે વાર્ષિક ધોરણે કરવામાં આવશે.

૧૫.૨ ઉપરના માપદંડોને આધારે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને અગ્રતા ક્રમાંક આપવામાં આવશે અને સારી કાર્યસિદ્ધિ ધરાવતા રાજ્યોને સન્માનિત કરવામાં આવશે. આ અંગેની વિગતો પરામર્શ કર્યા પછી તૈયાર કરવામાં આવશે અને નિર્ધારિત સમયગાળામાં સૂચના આપીને એની જાણ કરવામાં આવશે.

૧૬. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા યોજનાની જાહેરાત

૧૬.૧ તમામ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા એપ્રિલથી શરૂ કરવામાં આવે એ રીતે આ યોજનાની વિગતોની જાહેરાત કરવામાં આવશે અને રાજ્યના અગ્રણી દૈનિકપત્રો તેમજ સંબંધિત વેબસાઇટ / શિષ્યવૃત્તિ પોર્ટલ અને સાર્વજનિક પ્રસારના અન્ય માધ્યમો મારફતે જાહેરાત પ્રસિદ્ધ કરીને અરજીઓ મંગાવવાની રહેશે. અરજદારે અરજી મેળવવાની નિર્ધારિત છેલ્લી તારીખ પહેલા પોતાની અરજી આ હેતુ માટે નિર્દિષ્ટ પોર્ટલ પર સૂચવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.

૧૭. નોંધણીની પ્રક્રિયા અને વિદ્યાર્થી માટેની અરજી

૧૭.૧ વિદ્યાર્થીએ પ્રવેશની અપેક્ષિત તારીખથી પર્યાપ્ત સમય પહેલા આ માર્ગદર્શિકાના ફકરા નં. ૮.૨ માં દર્શાવ્યા મુજબ ફ્રીશીપ કાર્ડ મેળવવા માટે શિષ્યવૃત્તિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.

૧૭.૨ફ્રીશીપ કાર્ડમાં દર્શાવેલ અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ ફ્રીશીપ કાર્ડની વિગતો અને જેમાં પ્રવેશ મેળવેલ છે એ અભ્યાસક્રમ અને શૈક્ષણિક સંસ્થાનની વિગતો જણાવીને પ્રવેશના દિવસે જ શિષ્યવૃત્તિ માટે અરજી કરવાની રહેશે.

૧૭.૩પાછલા વર્ષે પહેલાથી જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવેલ છે એ અભ્યાસક્રમ ચાલુ રાખતા વિદ્યાર્થીઓ એટલે કે રિન્યુઅલના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ફકરા નં. ૮.૭ માં જણાવ્યા મુજબ એની મેળે જ રિન્યુ થઈ જશે.

૧૮. મૂલ્યાંકન / સામાજિક અન્વેષણ અને અનુવર્તી (ફોલો-અપ) કાર્યવાહી

૧૮.૧ યોજનાના અસરકારક અમલીકરણનો ક્યાસ કાઢવા અને વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ વિશે જાણકારી મેળવવા નિયમિત સમયાંતરે યોજનાના એકંદર પરિણામોનું સર્વગ્રાહી મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. આમાં વર્ષે એક વાર સામાજિક અન્વેષણ, ત્રાહિત-પક્ષીય વાર્ષિક મૂલ્યાંકન અને દરેક શૈક્ષણિક સંસ્થા પાસેથી અર્ધવાર્ષિક સ્વ-અન્વેષિત અહેવાલોનો સમાવેશ થઈ શકે છે.

૧૮.૨ સામાજિક અન્વેષણ ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા યોજનાના વહીવટી ખર્ચમાંથી થતા ખર્ચાઓને યોગ્ય રીતે પહોંચી વળવા માટે રચવામાં આવેલ રાજ્ય સરકારના સામાજિક અન્વેષણ એકમો દ્વારા હાથ ધરવામાં આવે છે.

૧૮.૩ આ યોજના હેઠળ નોંધાયેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ પર દેખરેખ રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા એક સુદૃઢ મોનીટરીંગ વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૧૮.૪ જે વિદ્યાર્થીઓ અભ્યાસમાં પાછળ રહી જતા જણાય તેમને ઉપાય રૂપ કોચીંગ આપવામાં આવશે જેથી તેમના શૈક્ષણિક પરિણામો સરેરાશ શૈક્ષણિક પરિણામોથી નીચે ન જઈ શકે. વાર્ષિક કાર્ય યોજનામાં આ માટે સ્પષ્ટ જોગવાઈઓ સમાવવાની રહેશે.

૧૮.૫ ઉચિત સ્વરૂપે જવાબદેહિતા સુનિશ્ચિત કરી શકાય એ માટે રાજ્ય / કેન્દ્ર શાષિત પ્રદેશ દ્વારા એક ચોક્કસ કાર્ય-પ્રક્રિયા મારફતે નિષ્પક્ષ પસંદગી કરીને ઓછામાં ઓછા ૧૦% સંસ્થાઓ / વિદ્યાર્થીઓને આવરી લઈને તાલુકા / જિલ્લા / રાજ્ય કક્ષા એમ વિવિધ કક્ષાએ સ્થળ તપાસ દ્વારા ભૌતિક ખરાઈ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જો કે, સ્નાતક તે તેથી ઉપરની કક્ષાએ કોંચીંગ આપતી તમામ ખાનગી સંસ્થાઓની ફરજિયાતપણે વર્ષે એક વાર તપાસ કરવાની રહેશે.

૧૯. વહીવટી ખર્ચ

૧૯.૧ વહીવટ, દેખરેખ અને મૂલ્યાંકન પાછળ કરવામાં આવતો વહીવટી ખર્ચ વાર્ષિક કુલ ખર્ચના ૧% સુધી સીમિત રાખવાનો રહેશે.

૧૯.૨ દરેક રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશે યોજનાના અમલીકરણનું મોનીટરીંગ હાથ ધરવા માટે નાણાકીય જરૂરિયાતના અંદાજો તેમની વાર્ષિક કાર્ય યોજનામાં દર્શાવવાના રહેશે. પુસ્તકો વગેરે માટે નાણાકીય જરૂરિયાતના સંજોગોમાં આને વહીવટી ખર્ચ હેઠળ દર્શાવી શકાશે. આ રીતે ગણતરી કરતા કુલ ખર્ચ વાર્ષિક કુલ ખર્ચના ૧% કરતા વધે નહિ એ સુનિશ્ચિત કરવા પી.એ.સી. દ્વારા આને વિચારણામાં લેવામાં આવશે.

૧૯.૩ પી.એ.સી. વહીવટી ખર્ચની મંજૂરી આપવામાં આઈટી સંબંધિત મૂળભૂત સુવિધાઓના વિકાસ, કેન્દ્ર / રાજ્ય કક્ષાએ ટેકનિકલ સપોર્ટ ગ્રુપ કમ પ્રોજેક્ટ મોનીટરીંગ યુનિટની સ્થાપના અને સામાજિક અન્વેષણને પ્રથમ અગ્રતા આપશે.

૨૦. ફરિયાદ નિવારણ વ્યવસ્થા

૨૦.૧ અમલીકરણ માટે જવાબદાર તમામ સત્તાધિકારીઓને શિષ્યવૃતિ પોર્ટલ પર લિંક કરતી એક ઓનલાઈન ફરિયાદ નિવારણ વ્યવસ્થા અમલમાં રહેશે.

૨૦.૨ વિદ્યાર્થી પોર્ટલ મારફતે અથવા મોબાઈલ એપ દ્વારા ફરિયાદ દાખલ કરી શકશે.

૨૦.૩ દરેક શૈક્ષણિક સંસ્થામાં એક ગ્રીવન્સ રીડ્રેસલ ઓફિસર (GRO)ફરિયાદ નિવારણ અધિકારી રહેશે જેઓ ફરિયાદનું નિવારણ કરવા અને સક્ષમ અધિકારી સાથે તે અંગેની અનુવર્તી કાર્યવાહી કરીને તેનું નિવારણ કરવા માટે જવાબદાર છે.

૨૦.૪ આપેલ સમય મર્યાદાની અંદર જે ફરિયાદનું નિવારણ શૈક્ષણિક સંસ્થાની કક્ષાએ થતું નથી એવી ફરિયાદો નિવારણ અર્થે સ્વત: પહેલા જિલ્લા કક્ષાએ અને બાદમાં રાજ્ય કક્ષાએ પહોંચી જશે.

૨૧ શિષ્યવૃત્તિ એનાયત માટેની અન્ય શરતો

૨૧.૧ જો એમ જણાય કે વિદ્યાર્થીએ ખોટી માહિતી/નિવેદનો રજૂ કરીને શિષ્યવૃત્તિ મેળવેલ છે તો તેની/તેણીની શિષ્યવૃત્તિ તાત્કાલિક રદ કરવામાં આવશે અને વિદ્યાર્થીને ચૂકવવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ સંબંધિત રાજ્ય સરકારની મુનસફી પર પરત વસૂલ લેવામાં આવશે. સંબંધિત વિદ્યાર્થીને કોઈપણ યોજનામાં શિષ્યવૃત્તિ મેળવવા કાયમ માટે બ્લેકલિસ્ટ અને પ્રતિબંધિત કરવામાં આવશે.

૨૧.૨ વિદ્યાર્થી રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી વિના મૂળ જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવેલ છે એ અભ્યાસક્રમ અથવા અભ્યાસ કરવા માટેની શૈક્ષણિક સંસ્થામાંજો કોઈ ફેરફાર કરે છે તો શિષ્યવૃત્તિ રદ કરવામાં આવી શકે છે. જે તે શૈક્ષણિક સંસ્થાના વડાએ આવા કિસ્સાની જાણ રાજ્યને કરવાની રહેશે જે માટે શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી રોકવામાં આવશે. જો શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી થઈ ગઈ છે તો રાજ્ય સરકારની મુનસફી પર તે પરત વસૂલ લેવામાં પણ આવી શકે છે.

૨૧.૩ રાજ્ય સરકારની મુનસફી પર વિદ્યાર્થી શિષ્યવૃત્તિની રકમ પરત ચૂકવવા માટે જવાબદાર રહેશે જો અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવેલ છે એ અભ્યાસક્રમ તે / તેણી દ્વારા અધવચ્ચે છોડી દેવામાં આવે છે.

૨૧.૪ ભારત સરકારની મુનસફી પર આ યોજનાની જોગવાઈઓમાં કોઈપણ સમયે ફેરફારો થઈ શકે છે.

******************************